# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૫ • સળંગ અંક : ૧૦૮ • તા. ૪ જૂલાઈ થી ૧૦ જૂલાઈ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ

# આ.ભ.પ.પૂ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના

# ચાતુર્માસ પ્રવેશનું ઓનલાઈન પ્રસારણ થયું



## મંગલ મંદિર ખોલો દયામય

મંગલ મંદિર ખોલો,
જીવન વન અતિ વેગે વટાવ્યું
દ્વારે ઊભો શીશુ ભોળો. (૨)
તિમીર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શીશુને ઉરમાં લ્યો દયામય,
નામ મધુર તમ રટ્યો નિરંતર
શીશુ સહ પ્રેમે બોલો. (૨)
દિવ્ય તૃષાતર આવ્યો બાળક,
પ્રેમ અતિરસ ધોળો.
દયામય મંગલ મંદિર ખોલો.



**નીશિથ આનંદ દંડ**

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# અનુભવની અવ્યક્ત લાગણી

દેવ મંદિરમાં જઈ એ બે હાથ જોડી બન્ને આંખ બંધ કરી હૃદયપૂર્વક મૌન સ્મરણ દ્વારા પ્રભુની પ્રાર્થના કરીએ ત્યારે ઊંડે ઊંડે શાંતીના અહેસાસ થાય. મનના ઉદ્વેગોનું શમન થાય અને મસ્તકમાં ઉચાપાત મચાવતા વિચાર આંદોલન ધીમા પડે, હળવા થાય એ ઈશ્વર હોવાનો અનુભવ. તીર્થ સ્થળોની જાત્રા કરવાનો ઉપક્રમ પવિત્ર નદી, સરોવરમાં નહાવાનો લહાવો લેવાનો મોકો ખાસ કરીને વયસ્ક જનો જવા દેતા નથી. અહીં આવવાથી તેમનો આત્મબળ વધે છે. આ અનુભવ આ લાગણી એટલે અનુભૂતિ.

દરેક વ્યક્તિના વાણી વિચાર અને વર્તનના પડધા અલગ અલગ હોય છે. એક વ્યક્તિ સાથે સંવાદ કરવાનું આપણું મન તલસતું હોય છે ત્યારે અન્ય વ્યક્તિ આપણને ન મળે એની ઈચ્છા હોય છે. અને એ મળે તો જલદી એનાથી છૂટીએ એવી ભાવના થાય. આ વૈચારિક આંદોલનનો સુમેળ પણ એક પ્રકારની અનુભૂતિ છે. કલ્પના, તર્ક કે ખ્યાલ એ અલગ વસ્તુ છે. જ્યારે અનુભૂતિ એ સત્ય છે. અનુભૂતિ એટલે પોતે જાતે અનુભવેલું, સાંભળેલું નહીં. અનુભૂતિ શારીરિક, માનસિક કે આધ્યાત્મિક પણ હોઈ શકે. જેમ શ્રદ્ધા કે આસ્થાના પુરાવા હોતા નથી. અનુભૂતિના પણ ક્યાં આધાર પુરાવ હોવાના? પરમાત્માને માનનારા આસ્તિક તરીકે ઓળખાય છે. તો ઈશ્વરના અસ્તિત્વને નકારનારા નાસ્તિક તરીકે વગોવાયા છે. બંન્ને આમતો પોત પોતાના વિચાર ખ્યાલોને દ્રઢ પણે માનનારા જ છે. અનુભવએ અવ્યક્ત લાગણી છે. જે શબ્દો દ્વારા વર્ણવી શકાતી નથી, વાણીથી વ્યક્ત થઈ શકતી નથી અને માત્ર વર્તન લાગણીના ઉન્માદ અને શરીરના અંગોના આંદોલનથી જ વ્યક્ત થાય છે.

કેટલાક પદાર્થો જોઈ શકાતા નથી, પણ અનુભવી શકાય છે. જેમ હવા અદ્રશ્ય છે પણ એની અસર જોઈ શકાય છે. આવું જ પ્રેમ લાગણી અને સ્નેહ વિષે છે. કોઈ વ્યક્તિ આપણને ગમતી હોય એને ચાહતા હોઈએ એ વ્યક્તિ આપણી પાસે ન હોય તો કંઈક અધૂરપ, અધૂરાશ અને અભાવ વર્તાય. આ અનુભૂતિની સૂક્ષ્મ લાગણી આપણે જરૂર અનુભવી શકીએ છીએ. કોઈ અપ્રિય ઘટના અત્યંત શોકજન્ય પરિસ્થિતિમાં આપણો હેમ ખેમ ઉગારો થાય ત્યારે ચમત્કાર થયો હોય એવી લાગણી થાય, કોઈ અદ્રશ્ય મદદ આપણે વહારે આવી આપણને હેમખેમ આ ઘટનામાંથી બહાર કાઢી એવું ભાસ થાય. આ અદ્રશ્ય શક્તિની અનુભૂતિએ આપણી ભાવના છે, શ્રદ્ધા અને વિશ્વાસ છે કોઈ દૈવી શક્તિ પ્રત્યેની આપણી આસ્થા છે.

અનુભૂતિ એ શારીરિક ઉપરાંત માનસિક સ્થિતિ છે. કોઈપણ કલા કે સર્જન કરતી વખતે કલાકારને અદભૂત માહોલ મળે જેમાં તેની સર્જનશક્તિ ખીલે એવું આપોઆપ થાય. ક્યારેક મુડ ન હોય ગમે તેટલો પ્રયાસ કરે છતાં કેન્વાસ કે કાગળ કોરો જ રહે. તો ક્યારેક એવો મુડ થઈ આવે કે ગમે તેટલો શારીરિક કષ્ટ હોય એ ભૂલીને સર્જનનો સ્તોત્ર ધૂધવે. આ અનુભવ અલૌકિક ક્ષણ એ અપ્રગટ અનુભૂતિ છે. જે પ્રકૃતિના સાક્ષાત્કારને વ્યક્ત કરે છે. અનુભવની આ અવ્યક્ત લાગણીએ જ અનુભૂતિ.

જય જ્ઞાતિમૈયા

# યુવાનો આપણું અમૂલ્ય ધન છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક સમાજના યુવાનો ભવિષ્યનો ઉજાસ છે. આવનારો સમયનો દોર યુવાનોના હાથમાં રહેશે. વડીલોની દિશા સૂચનને આગળ ધપાવે છે યુવાનો. જ્ઞાતિની, પરિવારની ઉચ્ચ પરંપરા, સંસ્કૃતિ, સભ્યતા, સંસ્કારને આગળને આગળ વધારવાની જવાબદારી યુવાનોની છે. પૂર્વજોની આદર્શ વિચારશૈલી, સમજણ અને શક્તિ સામર્થ્યની જાળવણી યુવા પેઢી બખૂબીથી આગળ વધારી શકે છે. યુવા પેઢી અશ્વ જેવી તરવરાટ ભરી ઉત્સાહીત, જોશથી થનગનતી પેઢી છે. વડીલો જે આંખોથી જોઈ શકે છે ત્યાં યુવાનો પાંખોથી ઊડીને પહોંચી શકે છે. આ બંન્નેના સમન્વયથી સમાજનો રૂતબો હુબહુ જળવાઈ રહે છે. મોર્ડન ટેક્નોલોજીના ઉપયોગથી તેઓ પોતાની કલ્પના અને વિચારોને સાકાર કરી સૌને સાંકળી શકે છે. આવી સમન્વયની સાંકળ તેઓ આસાનીથી બનાવી શકે છે.

સમસ્ત મહાજનની યુવા સંઘટન સમિતિ આજની જીવનશૈલી અનુસાર યુવાનોને મનગમતી અનેક પ્રવૃત્તિઓથી જોડી શકવામાં સફળ રહી છે એની નોંધ લેવી જોઈએ. અગાઉ મોન્સુન સાયક્લીંગ ઈવેન્ટ સમગ્ર દેશમાં સફળ રીતે યોજી હતી. તો દક્ષિણ એકમએ ગોવામાં ઐતિહાસિક યુવા મિલન યોજ્યું. હાલે લોકડાઉનના સમયગાળામાં વિવિધ વિડીયો જેમાં મ્યુઝિક, ડાન્સ, યોગ, ઝુમ્બા, ફિટનેસ, કૂકીંગ, પેન્ટીંગ, હોબી ક્લાસ જેવા વિવિધ વિષયોને આવરી લેતા અને યુવાનોને જોડી શકે એવા રસપ્રદ વિષયોના આપ્યા અને યુવાનોને પ્રવૃત્તમય રાખ્યાં. કોરોના કાળ સમયમાં દેશના સેવા કરતા વોરીયર્સને સલામી આપતો વીડિયો 'મુસ્કુરાયેગા ઈન્ડિયા' પણ અદ્‌ભૂત રીતે સંકલિત કરી રીલીઝ કર્યો. જેમાં વિવિધ શહેરોના જ્ઞાતિ યુવાનો ઓનલાઈન જોડાઈ સહભાગી થયા હતા.

આવા અદ્‌ભૂત અનોખા આયોજન અને કલ્પનાશીલ વિચારો દ્વારા યુવાઓ ખરેખર આપણને આશા આપે છે કે આવતી કાલ આપણી ઉજ્જ્વળ છે, આશાસ્પદ છે અને ઉજાસભરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ૭૨ જિનાલય તીર્થે આ.ભ.પ.પૂ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશનું ઓનલાઈન પ્રસારણ થયું



કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના શ્રી યશોદન વર્ધમાન બોંતેર જિનાલયતીર્થે પ.પૂ. તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. અને પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.વિધાચંદ્રમુનિ મ.સા. અને અન્ય સાધુ તથા સાધ્વી ભગવંતો મ.સા.ના દર્શન વંદન કરી આશીર્વાદ મેળવવા પૂર્વ રાજ્યમંત્રી અને જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશી છેડા, સામજિક આગેવાનો અમુલભાઈ દેઢિયા, મહેન્દ્રભાઈ પાસડ, માનવ જ્યોત કચ્છના પ્રમુખ પ્રબોધ હીરાચંદ મુનવર સહિત સમાજના વિવિધ અગ્રણીઓ અને શ્રાવક શ્રાવિકાઓ આવ્યા હતા.

તા. ૩૦ જૂન મંગળવારના મંગલદિને ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમનું યુ ટ્યુબ ઉપર લાઈવ પ્રસારણ કરાયું હતું. જેને ૫૬૦૦ થી વધારે લોકોએ આ કાર્યક્રમ લાઈવ નિહાળ્યો હતો. પ્રવેશ વિધિપૂર્ણ થયા બાદ ભારતભરમાં જ્યાં અચલગચ્છના સાધુ સાધ્વીજી મ.સા.ના ચાતુર્માસ આ વર્ષે છે તે દરેક સંઘ વતી તેમના અગ્રણીઓના શુભેચ્છા સંદેશનું પ્રસારણ કરાયેલ. આ પ્રસારણ થકી લોકોને તે તે સંઘમાં બિરાજમાન ગુરૂ ભગવંતોના દર્શન પણ થઈ ગયા.

આ કાર્યક્રમની યુ ટ્યુબ લીંક https://youtu.be/iRcCwlXVxTg ઉપર લોગઓન કરી સમગ્ર કાર્યક્રમ જોઈ શકાય છે.





# ૭૨ જિનાલય તીર્થે આ.ભ.પ.પૂ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશનું ઓનલાઈન પ્રસારણ થયું



ઠાણા-૯નો ચાતુર્માસ પ્રવેશનો કાર્યક્રમ યોજાયો હતો. રવિલાલ ઠાકરશી સંગોઈએ ઈલેક્ટ્રોનિક પ્રસારણ માધ્યમના સહાર પ્રાસંગિક પ્રવચન કરતા જૈનાચાર્યના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગને અનુમોદિત કર્યો હતો. પ્રસંગોચિત પ્રવચન કરતા સૂરિમંત્ર સમારાધક, જૈનાચાર્ય વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.એ ગુરુવંદનાના ભાવ સાથે ભૌતિક સત્તા કરતા અધ્યાત્મ સત્તા મહાન છે એમાં જણાવી ગુરુદેવની સરાહના કરી ટ્રસ્ટની વૈયાવચ્ચ ભક્તિનીય અનુમોદના કરી હતી. મુનિ ભાગ્યોદયસાગરજીએ 'આત્મનિર્ભરતા'ના વર્તમાન સૂત્રને લઈ અધ્યાત્મ જગતની વ્યાખ્યા કરી ધર્મ જ મહાન છે ને માનવ જીવન આત્મકલ્યાણ માટે મળે છે એમ કહ્યું હતું. જૈનોના તીર્થધામ શેત્રુંજય-પાલિતાણા ખાતે સાંદીપની વિદ્યામંદિરની શૈક્ષણિક પ્રવૃત્તિનો પૂર્વ રાજ્યમંત્રી તારાચંદ જગશી છેડાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. પ્રાથમિક-માધ્યમિક સ્કૂલના શુભારંભ અવસરે ગુરુભક્ત પરિવારો સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન, શાંતિજિન જાગૃતિ ગ્રુપ-કચ્છ, માતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લાલકા વાડાપધ્ધર, હેમલતાબેન ભવાનજી ગોસર દેવપુર, અજય લીલાધર ગાલાના શ્રેયાર્થે માતા ધનબાઈ લીલાધર ગાલા શેરડી, માતા રતનબેન વલ્લભજી વેરશી હરિયા શેરડી, અંબેધામ પરિવાર ગોધરા, માતા લક્ષ્મીબેન રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર સુથરી તથા અ.સૌ. શીલાબેન કુંવરજી ઠાકરશી છેડા આદિ પરિવારો તરફથી પાઠ્યપુસ્તકો, નવનીત ગાઈડો, નોટબુકો તથા સ્કૂલ બેગ વગેરે માટે નવ લાખ જેવી માતબર રકમનું દાન આપવામાં આવ્યું હતું. સ્કૂલ નિર્માણ માટે એક સદગૃહસ્થ પરિવાર તરફથ સવા કરોડના દાનની જાહેરાત કરવામા આવી હતી. મુનિ પ્રિયંકરસાગરજીએ ભાવાંજલિ માટે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાંતભાઈ દેઢિયાએ કર્યું હતું. વિદ્યાચંદ્રજી મ.સા. પંન્યાસ ભક્તિરત્નવિજયજી મ., યતિવર્ય મોતીસાગરજી મ.સા. તથા આગેવાનો અમૂલ દેઢિયા, પ્રબોધભાઈ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર પાસડ હાજર રહ્યા હતા. જૈનાચાર્યો સાથે મુનિ રાજરત્નસાગરજી મ. આદિઠાણા નવ તથા ૧૬ સાધ્વીજીએ ચાતુર્માસ પ્રવેશ કર્યો હતો.





# અભિનંદન અને આભાર





## શ્રી નૌતમભાઈ વકીલ

**શ્રી નૌતમભાઈ વકીલ, હાલ અમદાવાદ નિવાસી**

તેમના અગાધ કાયદાકીય જ્ઞાનનો ઉપયોગ કરી શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુરના બધા દસ્તાવેજ વ્યવસ્થિત કરી આપવા તેમજ ટ્રસ્ટને ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટમાં ઈન્કમ ટેક્સ એક્ટ, 1961ની કલમ 12AA અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવી આપવા બદલ અમે નૌતમભાઈ વકીલ, વકીલ હાઉસ, બી-૩૧, સૌરાષ્ટ્ર ૭, પાલડી, ગુજરાત. મો.નં. ૯૨૨૮૮૮૮૦૬૦નો હૃદયપૂર્વક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ આભાર માને છે અને તેમને અભિનંદન આપે છે.

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ હવે ઈન્કમ ટેક્સ એક્ટની કલમ 12AA અંતર્ગત રજીસ્ટર્ડ હોવાથી ટ્રસ્ટને ટેક્સ ફ્રી ફંડ મેળવવામાં ઘણી સરળતા પડશે જેનું પુરૂં શ્રેય શ્રી નૌતમભાઈ વકીલને જાય છે.

**- : શુભેચ્છક : -**

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુર**

Date : 04-07-2020

# જ્ઞાતિમાં પરગજુ સેવકો હજી પણ છે





ખરે સમયે મદદ કરવી એ માનવતા છે. કોઈની તકલીફમાં વહારે ચડી તેની તકલીફ દૂર કરવી ખરો માનવ ધર્મ છે. હાલે પ્રર્વતતી કોરોના વાયરસની પરિસ્થિતિના ડરથી ભયભીત થઈ જીવી રહ્યાં છે. ઘરમાં કોઈને કોરોના હોય ત્યારે પોતાને સંક્રમણ ન લાગે એવો બચાવ કરીને પછી સંક્રમિત થયેલને મદદરૂપ બનવા કોશિષ કરે છે. ત્યારે સમાજમાં અનેક સેવાકર્મીઓ પોતાના જાનના જોખમે પણ આવા કપરા સમય કાળમાં સમાજના નાના મોટા માટે ખંતપૂર્વક સેવા કાર્ય કરવા તત્પર હોય છે. આવા ઝિંદાદિલ કેડીઓ જ્ઞાતિના ટોમેશભાઈ કાંતિલાલ નાગડા છે જેઓ ઘાટકોપરમાં એકલા અને નિસહાય એવા સિનિયર સિટીઝન ૭૦ વર્ષીય તરલાબેન વેલજી ધરમશીને વહારે આવ્યા. શારીરિક રીતે સક્ષણ હોવાથી તરલાબેનની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ આસપાસના લોકો અને સમાજ દ્વારા પૂરી પડાતી હતી. કેડીઓ જ્ઞાતિના તરલાબેનને તા. ૧ જુલાઈ બુધવારે સવારે ફિટ આવવાથી આજુબાજુના લોકોએ મૂંઝાઈને જખૌના ટોમેશભાઈ નાગડાને ફોન કર્યો. તેઓ તરલાબેનને દર હમેંશ મદદ કરતા રહે છે.તેઓ તરત જ પોતાના ચક્રચાલુ કરી અનેક સમાજના અગ્રણીઓનો સંપર્ક સાધ્યો તરલાબેનની કથળતી હાલતથી સૌને વાકેફ કરી હૉસ્પિટલમાં તાત્કાલિક બેડ મળે એવા પ્રયત્નો કર્યા.

હાલે કોરોનાનો સંકટ કાળ હોવાથી મોટાભાગની સરકારી પ્રાઈવેટ હૉસ્પિટલમાં આઈસીયુ બેડ ઉપલબ્ધ નથી. એ જાણ થતાં તેઓ મુંબઈ જ્ઞાતિ મહાજનના ઉપપ્રમુખ કુમારભાઈ દંડની મદદથી ઘાટકોપરની વીરજી લધા વિદ્યાર્થીગૃહના વર્તમાન ટ્રસ્ટી નરેશભાઈ મોમાયાનો સંપર્ક સાધ્યો ઘાટકોપર પશ્ચિમના કામાલેનમાં કચ્છી દશા ઓસવાલ જૈન સમાજની હોસ્ટેલ હાલે હિંદુ મહાસભા હૉસ્પિટલ સાથે કોવિડ-૧૯ માટે ક્વોરેન્ટાઈન સેન્ટર માટે જોડાણ કર્યું છે. એ સંબંધે તાત્કાલિક ત્યાં એક બેડ રીઝર્વ થયો જ્યાં તરલાબેનને એડમીટ કરાયા.

ટોમેશભાઈ નાગડા તરલાબેનના સ્વજનની જેમ તેમની સાથે રહ્યાં અને જરૂરી દવા, ખોરાકની વ્યવસ્થા તેમજ સારવાર માટે જરૂરી રકમની વ્યવસ્થા કરી હૉસ્પિટલની ડિપોઝીટ માટે નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ પાસેથી તાત્કાલિક રૂા. ૫૦,૦૦૦ મેળવ્યા અન્ય ખર્ચ માટેની વ્યવસ્થા જી.વી.જી. સંઘના સમીરભાઈ નાગડા તેમજ પાસરભાઈ મૈશેરીને ફોન કરીને મેળવી.

દર્દી તરલાબેન ધરમશીને તુરત સારવાર મળવાને લીધે તેઓ તા. ૩ જુલાઈ શુક્રવારના સ્વસ્થ થઈ જતાં બપોરે હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળી ગયો જે માટે ટોમેશભાઈ નાગડાની તાત્કાલિક મદદ તેમજ મુકેશ ભવાનજી લોડાયા-મોટી સિંધોડી, હાલ ડોંબિવલી અને આણંદજી ચત્રભુજ ધરમશી સાંયરા, હાલ ઘાટકોપર વિશેષ સાથ સહકારના લીધે આ બધું હેમખેમ થયું.

અન્યો માટે જીવતા, જાગતા સેવાભાવીઓને લીધે જીવતદાન મળે છે.એ કાર્ય નાનું સુનું નથી. ધન્ય છે આવા વીરલા સેવા કર્મીઓને માનવતા હજી મરી પરવારી નથી. એવું કહી શકીએ.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવાંજલિ



## સ્વ.પ્રવિણભાઈ નરશી જેઠાભાઈ દંડ

**(હાલ મલકાપુર, ગામ - વરાડીયા)**

**મૃત્યુ - તા.૨-૭-૨૦૨૦**

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ,
આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન,
અમી ભરેલી આંખ હતી, હૈયે હતાં હેતના ધોધ,
સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ...

**શ્રદ્ધાસુમન**

**પ્રફુલ ઉમરશી મોતા - ચેન્નાઈ (સુથરી)**
**જયશ્રી પ્રફુલ મોતા - ચેન્નાઈ (સુથરી)**
**નેવિલ પ્રફુલ મોતા - ચેન્નાઈ (સુથરી)**
**માતાજી એન્ટરપ્રાઈઝીસ**

# મંતવ્ય - દિવ્યાંગજનો માટે જ્ઞાતિમાં સારી પહેલ થઈ છે



સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ જોગ,

હું સ્વયં એક દિવ્યાંગ છું, નીના સરલા શામજી લોડાયા કચ્છ ગામ કોઠારા હાલે અનંતનિવાસ ભાતબજારમાં રહું છું. દાદા અનંતનાથની કૃપાથી મારૂ મગજ અને મારા હાથ સાબૂત છે. તેથી ભરત ગુંથણ અને ટ્યુશન કરી આત્મનિર્ભર થઈ શકીને સ્વમાન પૂર્વક જીવન ગુજારી શકું છું. ભરત ગુંથણનું કામ બીજી બહેનોને આપી મેં તેમને પણ આર્થિક રીતે સ્વતંત્ર બનાવ્યા છે. તો મને એમ થાય છે કે મારા જ્ઞાતિના દિવ્યાંગભાઈ બહેનોને પણ હું કેમ પગભર થવા મદદરૂપ ન થાઉં?

આજે હું મારા જ્ઞાતિના દિવ્યાંગ ભાઈ-બહેનોને સહાયરૂપ થવા ફૂલ નહીંતો ફૂલની પાંખડી રૂપે યોગદાન આપવા આગળ આવી છું.

સૌને ખાસ જણાવવાનું કે નલિયાના ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં જ્ઞાતિના અગ્રણીઓએ આગળ આવીને અમારા જેવા દિવ્યાંગ જનો માટે સમસ્ત કેડીઓ જૈન મહાજનએ દિવ્યાંગ સમિતિ શરૂ કરી છે. મારા નસીબ સારા છે કે હું દિવ્યાંગ હોવા છતાં પગભર છું. પણ જ્ઞાતિના ઘણાભાઈ બહેનો સો ટકા દિવ્યાંગ છે તેમના માવતરને એમની ચિંતાં સતાવે છે કે અમારા ગયા પછી તેમની સંભાળ કોણ રાખશો? એ ચિંતાને હળવી કરવા અને જ્ઞાતિના દિવ્યાંગ ભાઈ-બહેનોને આત્મ સિદ્ધ કરવા કાશ્મીરાબેન નીશિથભાઈ અને શિલ્પાબેન જહેમત ઉઠાવી રહ્યાં છે. તેમને સહાયરૂપ થવા સાથે આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે તમો આ દિવ્યાંગ સમિતિમાં તમારાથી થાય એટલી તમારી લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી દિવ્યાંગ સમિતિને મજબૂત કરવા મદદરૂપ થાઓ.

મારું નમ્ર મંતાવ્ય છે કે ઘણી વખત વ્યક્તિમાં કલા હોય પણ તેને ખીલવવા માટે માર્ગદર્શન તેમજ રૂપિયાની જરૂરી પડે છે તેઓ દિવ્યાંગ સમિતિ દ્વારા શક્ય બની શકશે. આ દિવ્યાંગ સમિતિની પ્રગતિ થાય એજ પ્રભુ પાસે હું પ્રાર્થના કરું છું.

હમ હોંગે કામયાબ, હમ હોંગે કામયાબ પૂરાહે વિશ્વાસ.. હમ હોંગે કામયાબ.

નીના સરલા શામજી લોડાયા- કોઠારા- મસ્જિદબંદર

(નીનાબેનએ મેડિકલ સમિતિને રૂા. ૧૫ હજારનું ડોનેશન આપી જ્ઞાતિ સમક્ષ ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. આ માત્ર હજાર નથી લાખો રૂપિયા જેવા છે. જેની ભૂરી ભૂરી અનુમોદના)

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# કચ્છના સુથરી તીર્થે પ.પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન સાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ હર્ષોલ્લાસથી થયો





કચ્છના અબડાસા તાલુકાના સુથરી તીર્થમાં આષાઢ સુદ પુનમ દિને તા. ૪ જુલાઈ ૨૦૨૦ શનિવાર દિને પ.પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન સાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ આનંદ ઉમંગના ભાવથી થયો.

અત્રે પ.પૂ.સાધ્વીજીશ્રી મહાયશાશ્રીજી મ.સા. સ્થિરવાસ બિરાજમાન છે. સંઘમાં ચાતુર્માસની ભક્તિ આરાધનાઓ માટે સૌ ઉછળતા ભાવ ઝંખે છે.

## જખૌ તીર્થમાં પ.પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ




કચ્છ અબડાસા પંથકની મોટી પંચતીર્થીમાં શિરમોર એવા જખૌ મહાતીર્થમાં રમ્ય દેવાલયમાં મૂળનાયક તરીકે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે. અન્ય દેવકુળમાં શ્રી સુવિધિનાથ સ્વામી, શ્રી આદિનાથસ્વામી, શ્રી શાંતિનાથસ્વામી, શ્રીચંદ્રપ્રભુસ્વામી, શ્રી ચિંતામણી પાર્શ્વનાથસ્વામી, શ્રી ગૌતમસ્વામી દાદા સાહેબ, શ્રી કલ્યાણસાગરસૂરિશ્રીજી મહારાજ સાહેબ આદિ બિરાજીત છે.

તા. ૨ જુલાઈ ગુરૂવારના શુભદિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ને ચાતુર્માસ પ્રવેશ થયો.

# કોઠારા ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સરકારી નિયમોનું પાલન કરાયું





અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજીમ.સા. ચાતુર્માસ તા.૨૯ જૂન સોમવાર સવારે પ્રવેશ કરતા કોઠારા જૈન સંઘ દ્વારા સામૈયું કરવામાં આવેલ. જિનાલયે ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક વક્તવ્ય આપતાં દ્રવ્ય મંગલ, ભાવમંગલ, ભાવ અહિંસાની સમજ પૂરી પાડતાં તપ-સંયમનું મહત્વ સમજાવ્યું હતું. ટ્રસ્ટી દીનેશભાઈ અજાણીએ સ્વાગત પ્રવચન કરી ચાતુર્માસની રૂપરેખા રજૂ કરી હતી. રમીલાબેન લોડાયા તથા વિમલાબેન વર્ધમાન લોડાયાએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

આ પ્રસંગે કોઠારા જૈન સંઘનાં આગેવાનો શ્રી રતિલાલભાઈ લોડાયા, ઝવેરચંદ ખોના, ધનપતિ લોડાયા, મહેન્દ્ર લોડાયા, શાંતિલાલ ધરમશી, દિનેશ મોતા, સાયરા સંઘનાં આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ, સરકારશ્રીનાં નિયમો મુજબ લિમિટેડ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સૂત્ર શાંત સુધારસ ચડાવાનો લાભ પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી પરિવારે, જ્યારે ચરિત્ર સુંદરીનાં ચડાવાનો લાભ માતુશ્રી નવલબાઈ માણેકજી પાલાણી પરિવારે લીધો હતો. શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સંઘ પ્રભાવના કરવામાં આવેલ. તેમજ કોરોનાં સામે રક્ષણ મેળવવા ઉપસ્થિત દરેકને માસ્ક તથા સૂંઠ પાવડર પેકેટ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, જ્યારે આભાર દર્શન ટ્રસ્ટી દિનેશભાઈ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, હીરાલાલ જીવાણી, પ્રદિપ મુનવર, દામજી નાગડા, નીલેશ શાહે સહકાર આપ્યો હતો.

કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીના મુખ્ય અને સૌથી મોટા શાંતિનાથ જિનાલયમાં ચાતુર્માસની ધર્મ આરાધનાઓ અને ભક્તિ સંગમાં રંગવા સંઘના સૌ શ્રાવક શ્રાવિકો તત્પર છે.

**સમસ્ત મહાજન આપના લોકડાઉન દરમ્યાન કરેલ સેવાકાર્યોને સલામ કરે છે**

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યું હોય તે તમારો એરીયાના મહાસમિતિના સભ્યોનો સંપર્ક સાધી આપની વિગતો આપો અને સમસ્ત મહાજન દ્વારા થનારા બહુમાનમાં આપ સહભાગી થાઓ**

**વધુ વિગત માટે સંપર્ક :**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

**Email : gyatimaiya2018@gmail.com**

# અમદાવાદ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સા.શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનો ચાતુર્માસ પ્રવેશ




તા. ૨૮ જૂન રવિવાર રોજે અમદાવાદ સંઘમાં શાંતમૂર્તિ પ.પૂ.સા.શ્રી નિરંજનાશ્રી મ.સા. શિષ્યા શાસન પ્રભાવિકા પ.પૂ. સાધ્વીશ્રી પૂણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તથા વ્યવહાર દક્ષા પ.પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના ગુરૂબેન પ.પૂ. સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨નો ચાતુર્માસ પ્રવેશ થયો. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સામૈયુ સાદાઈથી છતાં ઉલ્લાસ ઉત્સાહના ભાવ સાથે થયો.

પ્રવેશ સામૈયું સત્વ એપાર્ટમેન્ટ, પી.સી.સી. ગ્રાઉન્ડ, શાંતિવન સોસાયટી બસ સ્ટેન્ડ પાસે શ્રેયાંસ કો.ઓ.સ્ટોર્સ સામે પાલડીમાં થયો. શ્રી મલ્લીનાથ પ્રભુજીને નમન જુહારીને શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ કચ્છ ગામ પુનડીવાલા અચલગચ્છ જૈન ઉપાશ્રય નવનીત વિવિધલક્ષી ભવન, પી.ટી. કોલેજ રોડ, ચંદ્રનગર, પાલડી ખાતે સંઘમાં પ.પૂ. સાહેબશ્રી દ્વારા ધર્મ વ્યાખ્યાનમાં સંઘના સૌ સોશ્યલ ડિસ્ટેન્સ જાળવી બેઠક વ્યવસ્થા કરી લાભ લીધો હતો. તેમજ સામૈયામાં પણ સરકારશ્રીના આદેશોનું પાલન કરી વ્યવસ્થા જાળવી હતી.

# ભાડુંપ સંઘમા બાલક બાલિકાઓ માટે છ સપ્તાહની તપશ્ચર્યા આરાધના

પ.પૂ.અચલગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તીની ચાતુર્માસિક બિરાજમાન પ.પૂ.જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ની નિશ્રામાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં ૫ થી ૧૫ વર્ષ વયના બાલક બાલિકાઓ માટે છ સપ્તાહની તપશ્ચર્યા આરાધના કરાઈ છે. બાળકો છે જિનશાસનની શાન, નિયમોનું પાલન કરી બને મહાન. એ સૂત્રને ચરિતાર્થ કરતા આ તપ આયોજનમાં તા. ૬ જુલાઈથી ૧૨ જુલાઈ ગુરૂવંદન સપ્તાહ, તા. ૧૩ જુલાઈથી ૧૯ જુલાઈ ચોવિહાર સપ્તાહ, તા. ૨૦ જુલાઈથી ૨૬ જુલાઈ અભક્ષ્ય ત્યાગ સપ્તાહ, તા. ૨૭ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી ગાથા સપ્તાહ, પાંચમો સપ્તાહ તા.૩ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ ૧૦૮ નવકાર જાપ સપ્તાહ અને છેલ્લે તા. ૧૦ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ કંદમૂળ ત્યાગ સપ્તાહ એ મજુબ છે.

દરેક નિયમ લખેલી તારીખ પ્રમાણે સાત દિવસ કરવામાં રહેશે. સાત દિવસના સાત કોષ્ટક બનાવી તેમાં ટીક માર્ક ✓ કરવું. અભક્ષ્ય જેવી કે ચોકલેટ, આઈસક્રીમ, પાઉ, બિસ્કીટ, કોલ્ડ્રીક્સ આદિનો ત્યાગ રહેશે. ગાથા વીકમાં ૧ ગાથા નવી કરવી, દરરોજ નવકાર જાપ એક જગ્યાએ બેસીને ગણવાના.

# શ્રી કેડીઓ મંડળ ડોંબિવલીની કોવિડ ટેસ્ટ માટે રાહત યોજના

સન ૧૯૭૭માં સ્થાનિક શ્રી કેડીઓ મંડળ ડોંબિવલી હાલે અત્રે પરિસરમાં વધતા જતા કોવિડ વાયરસના કેસોને ધ્યાનમાં લઈ અને છેલ્લાં ત્રણ માસથી લોકડાઉન પરિસ્થિતિને કારણે અહીં વસતા જ્ઞાતિજનો આર્થિક સંકટમાં મૂકાયા છે. તેઓને રાહત આપવા જે કોઈ જ્ઞાતિજન કોવિડ-૧૯ની ટેસ્ટ-પરીક્ષણ કરાવશે તેના ૫૦ ટકા ચાર્જીસ મંડળ ભોગવશે. એવી જાહેરાત મંડળના પ્રમુખ હેમંત રમેશ ધુલ્લા તેરા મો.નં. ૯૯૨૦૫૫૬૨૭૦, ઉપપ્રમુખ ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાગા ગોઅરસમા મો.નં. ૯૮૧૯૮૮૩૫૨૨ તથા મંત્રી મહેન્દ્ર મેઘજી મોતા વારાપધ્ધર મો.નં. ૯૩૨૩૧૮૨૬૫૩ દ્વારા કરાઈ છે.

# પ.પૂ.સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.નો હૈદ્રાબાદ સંઘમાં ચાતુર્માસ પ્રવેશ





તા. ૨૯ જૂન સોમવાર દિને શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદસિટીમાં પ.પૂ.અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ્રવર્તિની મહતરા પ.પૂ. સા.શ્રી. રત્નરેખાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩નો ચાતુર્માસ પ્રવેશ સાદાઈથી પણ ઉત્સાહપૂર્વક માહોલમાં થયો.

જિનેશ્વર ધામ કાચી ગુડા હૈદ્રાબાદ સંઘમાં શ્રી શાંતિનાથજી પ્રભુના દરબારે ચાતુર્માસની ધર્મ આરાધનાઓનો લાભ લેવા સંઘમા સૌ ઉત્સુક છે. આનંદ મંગલના ભાવ અંતરે છલકે છે. પૂજ્યશ્રીનો સંપર્ક માટે C/o. પ્રફૂલભાઈ મોનં. ૯૬૦૩૨૮૬૪૮૨ નો સમય સવારના ૯ થી ૧૨ દરમ્યાન સંપર્ક કરવો.

---

## નવકાર પ્રિયાશ્રીજી મ.સા. આદિઠાણા-૨નું વડાલા ખાતે ચાતુર્માસ પ્રવેશ





અષાઢ સુદ ૧૦ સોમવાર તા. ૨૯ જૂન ૨૦૨૦ સોમવારના મંગલદિને સવારે ૬.૪૫ કલાકે આનંદોત્સવ સહ પ.પૂ. સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી. તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ના પરમ શિષ્યા પ.પૂ.સા.શ્રીધર્મ પ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી નવકાર પ્રિયાશ્રીજી મ.સા. આદિઠાણા-૨નું ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો.

હાલે પ્રર્વતતા વિપરીત સંજોગો આધિનવશ સરકારશ્રીના નિયમો પાળી સાદાઈથી સામૈયું અને ચાતુર્માસ પ્રવેશ થયો.

# નલિયા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયો





નલિયા નગર ખમીરવંતા ઉદાર સાહસી એવા શેઠશ્રી નરશીનાથાની જન્મ ભોમકા. અત્રેનું ભવ્ય જિનાલય સોળ વિશાળ શિખર તથા ચૌદ રંગમંડપથી શોભે છે. અબડાસા તાલુકાની મોટી પંચતીર્થી નલિયામાં ચંદ્રપ્રભુજીનું સુંદર જિનાલય ભક્તિધર્મ આરાધનાથી સદૈવ રંગેલું રહે છે.

આવી ધર્મ આરાધના આસ્થાની નગરી નલિયા સંઘમાં તા. ૨૯ જૂન સોમવારના રોજે પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩નો ચાતુર્માસ વહેલી સવારે આનંદ ઉત્સાહના માહોલ સાથે થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ શ્રદ્ધા ભાવથી સામૈયામાં જોડાયા હતા.

# રાજસ્થાનના પાલી સંઘમાં પ.પૂ.શ્રી કમલપ્રભસાગરજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ





૧૫ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્રીજી મ.સા.ના આજ્ઞાવર્તી શ્રી ગૌતમગુણ વિહારતીર્થ પ્રેરક મારવાડરત્ન પ.પૂ.મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિઠાણા ૨ ના ચાતુર્માસ પ્રવેશ શ્રીમાતારાણી ટ્રસ્ટ પાલી રાજસ્થાનમાં વાજતે ગાજતે સાદાઈ છતાં શાનથી સરકારી ગાઈડ લાઈન્સ પાલન કરીને થયો. સામૈયામાં સંઘના શ્રાવક શ્રીવિકાઓ હર્ષોલ્લાસ ભેર સામેલ થયા હતા.



# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની પેટ્રોન યોજનાની યાદી વિસ્તરીત થાય છે







સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનની મેડિકલ સમિતિ જ્ઞાતિજનો માટે અદ્‌ભૂત સહાય કાર્ય કરી રહી છે. સંજીવની પેટ્રોન યોજના દાતાઓને પરોપકાર અને પરમાર્થનો લાભ આપે છે. બીજાઓના સુખમાં જેઓ પોતાનો સંતોષ જુએ છે. એવા ઉદાર દિલદાતાઓ સંજીવની પેટ્રોન યોજનામાં સતત જોડાતા જાય છે.




આ વખતે ૨ સુર્વણ પેટ્રોન અને ૧ સિલ્વર પેટ્રોન તરીકે જોડાય છે. જેમાં સ્વ. કુમારી મિતલ મહેશ લોડાયાના સ્મરણાર્થે હા. મહેશ ચત્રભૂજ લોડાયા રાપરગઢવાળી અમદાવાદ તથા મનોરમા નરેશ ભવાનજી મોમાયા નલિયા ઘાટકોપર એ પ્રત્યેક એ રૂા. ૫૦ હજારનું અનુદાન આપી સંજીવની સુર્વણ પેટ્રોન તરીકે જોડાયા છે તથા માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા હસ્તે વિરેન્દ્ર ભવાનજી લોડાયા નલિયા-મુલુંડ એ રૂા. ૨૫ હજાર નોંધાવી સંજીવની સિલ્વર પેટ્રોન તરીકે જોડાઈ સંજીવની યોજાનાની સાંકળને વિસ્તારીત કરી છે. જેની અનુમોદના કરીએ છીએ.

## સંજીવની કેસ નં.૨૨માં રૂા. ૨.૨૦ લાખના ડોનેશનની અપીલ

કચ્છ તેરાના હાલે મહારાષ્ટ્રના મૂર્તિજાપુરમાં સીઝનલ બિઝનેસ આઈસક્રીમ પાર્લર ચલાવતા સુધીર વીરચંદ મોતા (પટેલ) ઉ.વ. ૬૦ના પરિવારમાં આઠ સભ્યો છે. હાલે કમાણીનો કોઈ સોર્સ નથી. વીમા કવચ ધરાવતા નથી. તા. ૧૩ જૂનના છાતીમાં દુ:ખાવાની પીડા હોવાથી આકોલાની આઈકોન હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી કરી ૩ સ્ટેન્સ બેસાડાયા છે. કોમ્પલીકેશનને કારણે હજુ હૉસ્પિટલમાં અર્ધ કોમાવસ્થાની રીકવરી સારવાર મેળવે છે.

સામાન્ય પરિસ્થિતિના જ્ઞાતિ બાંધવ સુધીરભાઈ મોતાના બાંબેલી બની આપણે ઉદારપણે મદદ કરી તેમને રાહત આપીએ એ સમય અને સંજોગોનો તકાદો છે. આ માટે જ્ઞાતિજનો આગળ આવે એવી અપીલ સમસ્ત મહાજનની મેડિકલ કમિટીના ચેરપર્સન મનિષા શાહ-પોલડિયાએ કરી છે.

# પૂર્વ ભારતના કલકતામાં માનવજ્યોતના માધ્યમથી સેવાયજ્ઞ સંભાળી રહ્યા છે વિરેશ લક્ષ્મીચંદ લુઠીયા (રાયધણજર)



છેલ્લા ત્રણ માસ ઉપરાંતથી કોરોના મહામારીનો સંકટ સમગ્ર દેશભરમાં વ્યાપેલો છે. આ વચ્ચે અમ્ફાન વાવાઝોડાનો કેર પશ્ચિમ બંગાળ અને ઓડિસા પર વ્યાપક તબાહી મચાવેલ. આ બંન્ને સંકટના સમયમાં તનમન અને ધનથી લોકોની સેવામાં માનવજ્યોતના માધ્યમથી વિરેશભાઈ લક્ષ્મીચંદ લુઠીયા (રાયધણજર) સતત લાગ્યા છે.

લોકડાઉન લાગુ કરાયું તેની શરૂઆતથી અન્નદાન સેવા અવિરત રખાઈ. તે ઉપરાંત રાશનકીટની સેવા પણ કલકતા નગરજનોને અપાઈ. આ સેવાના મુખ્ય આધાર સ્તંભ રમેશચંદ્ર પારેખ જ્વેલર્સ અને પારેખ પરિવારનો રહ્યો હતો. શરૂઆતમાં ૧૫૦૦ જેટલી સંખ્યા સવાર સાંજ રહેતી જે વધીને ત્રણ હજાર પ્રત્યેક ટંકે થઈ. આ સેવામાં પોલીસ થાણાવાળાઓ પણ જોડાયા.

કલકતામાં ગુજરાતીઓનું મુખ્ય મથક ભવાનીપુર વિસ્તાર શરૂઆતમાં અમે ખાસ કંઈ સંક્રમણ ન હતું પણ ધીર ધીરે વાઈરસનો વ્યાપ વધવાથી ૧૫૦ થી ૨૦૦ ગુજરાતીઓ કોરોના ગ્રસ્ત થયા. એટલે કોવિડ-૧૯ નામથી ગ્રુપ બનાવ્યું. જેમાં ઘણા કાર્યકરો જોડાયા અને જે પરિવાર કોરોના સંક્રમિત થાય એ આ ગ્રુપનું કોન્ટેક્ટ કરે તેને તેઓ ચોક્કસ માર્ગદર્શન આપતા. આ સંગઠનથી કોલકતાના ગુજરાતીઓનો કોરોના પ્રત્યેની લડાઈ માટે આત્મવિશ્વાસ કેળવાયો.

કોરોના ગરીબ કે તવંગરનો ભેદ નથી જોતો. જે પરિવારનું મેડિક્લેમ ન હોય એવા કેમ સુલભતાથી સારવાર કરાવી શકે? તે માટે વિરેશભાઈ શાહ સૌને સાથે રાખી આયોજન ઘડી રહ્યાં છે. સ્થાનિકે ઘણી ગુજરાતી સંસ્થાઓના ભવનો છે એમા ક્વોરન્ટાઈન સેન્ટર બને, ગુજરાતી ડોક્ટરો આમાં સેવા કરવા જોડાય. સેવા પ્રયત્નો પણ આદરી રહ્યાં છે. ગુજરાતીઓની સંસ્થાઓ જેવી કે અનંત આશા ફાઉન્ડેશન, શ્રીમતી વિલાસબેન પ્રતાપરાય મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, ભવાનીપુર કોલેજ અને તેના મિરાજભાઈ શાહ, તેરાપંથી ભવન, માનવ સેવા ગ્રુપ, શ્રી કચ્છી જૈન સંઘ, જીવરક્ષા વગેરે માનવ સેવા માટે આગળ પડતો ભાગ લઈ જોડાયેલ છે.

ત્રણ મહિના પછી દેશમાં કોરોના હર્ડ કોમ્યુનિટી તરફ આગળ વધી રહ્યો છે. જેને લીધે બહાર નીકળવું જરૂરી હોવા છતાં સાવધાની રાખવી જરૂરી છે. સોશ્યલ ડિસ્ટેન્સીંગ, માસ્ક પહેરવું, હાથ સેન્ટીટાઈઝ કરવા, જેવા પગલાંને લીધે ઘણો ફરક પડી શકશે.

સતત કોરોના દર્દીઓની સેવામાં કાર્યરત રહેતા વિરેશભાઈ હૉસ્પિટલમાં ઈલાજ લેવા કરતાં ઘરમાં અલગ રૂમ-બાથરૂમની સગવડ હોય તો ઘરમાં જ ક્વોરન્ટાઈન થવાનું સૂચવે છે. ગરમ પાણી ઉકાળેલ કાઢો, ઈમ્યુનિટી વધારે એવા પીણાં લેવાનું પણ તેઓ ભલામણ કરે છે.

કોરોનાની મહામારી વચ્ચે અમ્ફાનની તબાહી આવી જે માટે માનવ જ્યોતની ટીમ સાગર ટ્રીર અને સુંદર બન વિસ્તારોમાં જઈને રાહત કાર્ય કર્યું. અગાઉથી સાવચેતી રખાઈ હોવાથી જાનહાનિ વધુ ન થઈ પણ ઘર, મકાન વિગેરે ઘણાં નુકસાન પામ્યા, ઘરમાં ખાવા ધાન્ય ન હતું એવી ગરીબ પ્રજાની હાલાકીમાં તેમને વહારે ચડી માનવ સેવાનું ઉત્તમ કાર્ય કર્યું.

ખરેખરા કચ્છી માડુ એવા વિરેશભાઈ પોતાના માદરેવતન યાદ કરતા પોતાની કર્મભૂમિ કલકત્તામાં હાલે તો અહીંના લોકોની અવિરત સેવામાં ખૂંપેલા છે. પશ્ચિમ ક્ષેત્રના માનવ જ્યોત મુંબઈમાં જે કામ કુલીનભાઈ લુઠિયા, કચ્છમાં પ્રબોધભાઈ મુનવર અપ્રતિમ રીતે કરી રહ્યાં છે. તેવું સેવાકીય પૂર્વ ભારતના છેડા પર આવેલા કલકત્તામાં માનવ જ્યોતના વિરેશભાઈ શાહ કરી રહ્યાં છે.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



લોડાયા પરિવાર
માતા - મધુરિમા
પિતા - નિલેશ
ગામ - રાપર ગઢવારી
હાલ - અહમદનગર
જન્મ - ૧૬-૬-૨૦૨૦



આગમ નિલેશ લોડાયા

ધરમશી પરિવાર
માતા - ખુશ્બુ
પિતા - યુનિત
ગામ - નલિયા
હાલ - જાલના
જન્મ - ૧૫-૬-૨૦૨૦





દિયાંશ યુનિત ધરમશી

**આ અંકથી શરૂ કરીએ છીએ આપણા ૧ થી ૫ વર્ષ સુધીના નાના ભુલકાઓ માટેની આ કોલમ જેમાં આપ આપના ભુલકાનો ફોટો, નામ, માતા-પિતાનું નામ, ઉંમર અને ગામ, અને વસવાટ વગેરે વિગત મોકલી તેને બર્થ-ડે શુભેચ્છા આપી શકો છો.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



રવિવાર તા.૨૮ જુન
રજની હંસરાજ ડાઘા
(ઉ.૬૫ વર્ષ)
ગામ-વરાડીયા
હાલ-સેન્ડહર્સ્ટ રોડ



બુધવાર, તા.૧ જુલાઈ
ખીમજી પ્રેમજી મૈશેરી
(ઉ.૬૮ વર્ષ)
ગામ-જખૌ
હાલ-ડોંબિવલી



ગુરુવાર, તા.૨ જુલાઈ
ઉમરશી રાયમલ મોતા
(ઉ.૭૮ વર્ષ)
ગામ-વારાપધ્ધર
હાલ-કાંદિવલી



ગુરુવાર, તા.૨ જુલાઈ
પ્રવિણ નરશી દંડ
(ઉ.૭૦ વર્ષ)
ગામ-વરાડીયા
હાલ-મલકાપુર

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**સંપર્ક : વોટ્સએપ - મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

# મુંબઈ મહાજન દ્વારા અનંત આત્મ નિર્ભર યોજનાનો શુભારંભ

ભારતભરમાં માર્ચ મહિનાથી જે કોરોના મહામારીએ ભરડો લીધેલ છે તેનાથી દરેકે દરેક વ્યક્તિ, સંસ્થા તેમજ રોજગાર અને વ્યાપારવાણીજ્યમાં ત્રાહિમામ પોકારી રહ્યા છે. આપણી જ્ઞાતિ એક ઉચ્ચવર્ણીય વણીક જ્ઞાતિજનો છે. આપને ક્યારે પણ મદદ માટે હાથ ફેલાવતા નથી તે આપણા મહાજનો સારી રીતે જાણે છે તે વાતને ધ્યાનમાં લઈને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા જ્ઞાતિજનો માટે એક અત્યંત ઉપયોગી સ્કીમ લાવવામાં આવી છે. આ સ્કીમનો ઉદ્દેશ જ્ઞાતિજનો આત્મનિર્ભર થઈ વિકાસશીલ બને.

જે આપણે નાના મોટા વ્યાપાર કરીએ છીએ તે આ વ્યાપાર ધંધાના આગળ વધારવા માટે જે જરૂરત છે તે છે પૈસાની.

અગર જો આપણે જે પૈસા લઈએ તેની માટે ઘણી બધી ફોરમાલીટી કરવાની હોય છે. આપની આ બધી ફોરમાલીટીઓ માટે મહાજનની અનંત આત્મનિર્ભર ટીમના કન્વીનર ગુલાબ ધરમશી, સંજય અજાણી, દેવેન ધરમશીનો વોટ્સએપ નં. ૯૮૨૦૩૩૩૮૪૩ પર સંપર્ક સાધો. આપ આ અનંત આત્મનિર્ભર ટીમમાં જોડાઈ અને હમણા જે પરિસ્થિતિ છે તેમાં બે પૈસા વધુ કમાઈ કુટુંબ તેમજ જ્ઞાતિજનો પણ વિકાસ કરી શકશો. આ સ્કીમમાં આપ કેવી રીતે સહભાગી થશો અને તમને શું શું ફોરમાલીટી કરવાની છે તેની વિગત આ સાથે આપેલ છે.

આ સ્કીમ શ્રી અરિહંત કો.ઓ. બેન્ક અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના સબળ સાથથી જ્ઞાતિજનોને સસ્તા દરે લોન અપાશે. જેના દ્વારા સાહસિક જ્ઞાતિજન લક્ષ્ય નિર્ધાર કરીને આગળ વધી શકીએ. આવા સાહસિકોને સાથ આપતા મુંબઈ મહાજન સંતોષ અનુભવશે.

આ સ્કીમમાં મુખ્ય સાથ આપનાર અરિહંત બેંક જે તા. ૨૫ જાન્યુઆરી ૧૯૮૪ રોજે સ્થાપના થઈ. આજે ૩૬ વર્ષના વહાણાં વિત્યા પછી પણ આપણી બેંક છત્રીસ લક્ષણા સાથી સ્વજનની જેમ જ્ઞાતિજનો તથા મુંબઈગરાઓની અપ્રતિમ સેવા કરી રહી છે અને આવા કપરા સમયમાં તે જ્ઞાતિજનને સાથ આપવા તત્પર છે.

આ અનંત આત્મ નિર્ભરતાનો લાભ મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં રહેતા કોઈપણ જ્ઞાતિજન લઈ શકશે. સંપ, સહયોગ, સાથ અને સેવામાં જીવનની સાચી સાર્થકતા છે. એવું આ યોજનાની જાહેરાત કરતાં પ્રમુખ નયન અશોક ભેદાએ જણાવ્યું હતું.

આ અનંત આત્મ નિર્ભર યોજનાની તપશીલ વિગત નીચે મુજબ પ્રમાણે છે.

લોન આપનાર અને મંજૂર કરનાર : રૂા.૨૫ હજાર કે રૂા. ૫૦ હજાર શ્રી અનંતનાથ ટ્રસ્ટ

લોન આપનાર અને મંજૂર કરનાર : રૂા. ૧ લાખ થી રૂા.૫ લાખ શ્રી અરિહંત કો.ઓ. બેંક

લોન ઉદ્દેશ : વેપાર માટે

કોણ લેવાને પાત્ર : મુંબઈ મેટ્રોપોલિન વિસ્તારમાં રહેતાં સ્વતંત્ર કેડીઓ વેપારીઓ અને ફર્મ્સ

કોલટરલ સિક્યોરિટી : આવશ્યકતા નથી.

ગેરન્ટર : બે (પરિવાર, સ્વજન મિત્રમાંથી કોઈપણ બે જ્ઞાતિજન)

પ્રોસેસિંગ ફી : નજીવી

વ્યાજદર : વાર્ષિક ૯%

અનંત આત્મ નિર્ભરતાના દાતાનું યોગદાન : વાર્ષિક ૩% વ્યાજ (EMI ભર્યાની રસીદ પ્રસ્તુત કર્યે ત્રિમાસિક ધોરણે કેશ બેંક માન્ય થયા પછી)

લોન લેનારે ચૂકવવા પાત્ર વ્યાજ : વાર્ષિક ૬%

પરત ચૂકવણીનો પિરિયડ : ૪૮ EMI

અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૦

લોન મંજૂરી : ૪ અઠવાડિયામાં

રસ ધરાવનારે અહીં ક્લિક કરે લીંક : https://froms.gle/eSqy2yf

નોંધ : નિયમો અને શરતો લાગુ.





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના વર્લ્ડ રેકોર્ડસ ઓફ ઈંડિયાના નિર્ણાયક એવા મિલન સોની અને દેવયાની સોની એ બાળકો માટે ઘર બેઠા નવા રેકોર્ડસ કેમ બનાવાય તેની સાથે ફેસબુક પર વર્લ્ડ રેકોર્ડસની ચેલેન્જ આપી હતી. તેમાં કચ્છ ગુજરાત તેમજ બહારના ૩૯ બાળકોએ ઘેર બેઠાં અને લોકડાઉનના નિયમોના પાલન સાથે રેકોર્ડ માટે દાવેદારી નોંધાવી હતી. જેમાં ૬ થી ૧૦ વર્ષના બાળકો માટે મોસ્ટ કોઈન સ્ટેક ઈન વન મિનિટની ચેલેન્જ અપાઈ હતી. વિક્રમ તોડવા માટે એક મિનિટમાં ઓછામાં ઓછા ૩૮ સિક્કાઓને એક જ હાથના ઉપયોગ દ્વારા એક ઉપર એક ગોઠવવાના હતા. તેમાં એક મિનિટમાં સૌથી વધુ ૪૬ સિક્કા ગોઠવી રાખનાર ભુજની છ વર્ષીય વેદાંશી રવિરાજ સિંહએ નવો કીર્તિમાન રચ્યો હતો. આ માટેનું રેકોર્ડ પ્રમાણ પત્ર લોકડાઉન પૂર્ણ થયા બાદ અપાશે.

● વાગડ વીશા ઓસવાળ સમાજ દ્વારા જ્ઞાતિજનો ઘર બેઠા લોકડાઉન સમય માટે ટાઈમ પાસ કરી શકે એ માટે ઓનલાઈન હાઉઝી ગેમ રમાડી જેમાં ૧૫ હજાર લોકો જોડાયા હતા. વાગડ કલા કેન્દ્ર અને કોમ્યુટ્રીના આયોજનથી આ ગેમ્સ સફળતાને વરી હતી. ઘર બેઠા હાઉઝી ગેમના એલિજેબલ વિજેતા આપો આપ કેટગરી પ્રમાણે વિનર સિલેક્ટ થતા હતા. કોમ્યુટ્રીના અમિત છેડાનો નેકસ્ટ પ્લાન આજ ગેમને વધુ ઈન્ટરેસ્ટિંગ કરવું તથા અન્ય ગેમો પણ ડેવલપ કરવા પર ફોકસ કરશું એવું તેમણે જણાવ્યું હતું.

● કોરોના વાયરસના ઝડપી ફેલાવાને મંદ કરવા લોકડાઉન અમલમાં લવાયો છે. ત્યારે જિલ્લા સમાહર્તા પ્રવીણા કે.ડી.એ જિલ્લામાં લગ્નોને લીલી ઝંડી આપી. વીસથી વધુ લોકોને ભાગ લેવા પર પ્રતિબંધ લાદ્યો છે. સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલનવ સખતાઈથી કરી ૨૦ આમંત્રિતો સાથે લગ્ન યોજવાની છૂટ આપી છે.

● કોરોના મહામારીના પગલે સર્જાયેલી કપરી પરિસ્થિતિના પગલે બિદડાના માનવ મંદિર ખાતે સર્વે સંપ્રદાયના સાધુ-સાધ્વી ભગવંતો ચાતુર્માસ કરી શકે તે માટે વ્યવસ્થા, ગોઠવવામાં આવશે. મંદિરના પ્રણેતા પ.પૂ. દિનેશચંદ્રજી સ્વામીના જણાવ્યા મુજબ સાધુ સાધ્વી ભગવંતો અત્રે આવી શકે તે માટે વિહારના વ્યવસ્થા પણ અનુકૂળતા પ્રમાણે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

● માંડવી તાલુકાની ભોજાય હૉસ્પિટલમાં નિઃશુલ્ક ડાયાલિસીસ સેન્ટરની સુવિધા લીલાધર ગડા અધા દ્વારા શરૂ કરવામાં આવી છે. ૬ અદ્યતન ડાયાલીસીસ મશીનની સુવિધા તેમજ દર્દીઓ માટે ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા પણ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આ ડાયલિસીસ સેન્ટર દ્વારા માંડવી અબડાસા નખત્રાણા વિસ્તારના શહેરી અને ગ્રામીણ વિસ્તારના દર્દીઓને ડાયાલિસીસ સુવિધા આપવામાં આવશે. આ સુવિધા માટે હોસ્પિટલ ફોન નં. ૦૨૮૩૪૨૭૮૬૮૭ પર સંપર્ક માહિતી મેળવી શકાશે.

● કોલકોતાના પ્રખ્યાત વૂમન ઓર્ગેનાઈઝેશન નિર્મલા નિકેતન અને તેમના કોઓર્ડિનેટર તનુશ્રી બેનરજી એલ.સી.સી. કોમ્પ્યુટર અને પ્રોગ્રામ પ્લાનર આર.બી.ઓરબિટના સંયુક્ત ઉપક્રમે નેશનલ વૂમન લીડરશિપ ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા સ્પર્ધા યોજવામાં આવી હતી. દેશભરમાંથી ૪૩૮ મહિલાએ પોતાના નોમિનેશન નોંધાવ્યા હતા. ફાઈનલ રાઉન્ડમાં ૪૨ જેટલી વિવિધક્ષેત્રે લીડરશિપ કરતી મહિલાઓ પહોંચી હતી. કોર ટીમ દ્વારા વિડિયો કોન્ફરન્સ મારફતે પર્સનલ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગર્લ્સ એજ્યુકેશન સામે મહિલાના સશક્તિ કરણના વિશેષ પ્રવાસો કરી આનેશનલ સ્પર્ધા માંડવી તાલુકાના ગુંદિયાળી શિક્ષિકો મમતાબેન હરસુખરાય ભટ્ટ જીતી હતી. તેમની સિદ્ધિ માટે પોસ્ટ મારફતે શિલ્ડ, ટ્રોફી એનાયત કરાઈ હતી.

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય

## FULL OF FEAR AND EXCITEMENT



Hemant Nitin Dharmashi (Suthari)

*A time which was full of fear n excitement for all. Almost after School life this was first time as if everyone is having a summer vacation. For the first time in my life till now I had spend quality time with my dad or else I have always seen him busy with work. This was d best experience of time.This lockdown taught us the management of resources value of people and on top it brought us more close to our family members.*

*We saw many helping hands, helping the needy and also became the part of it this makes us proud of ourselves. This was the time when we came in contact with our extended families through playing online games through Watsapp. Instead I felt we all came more close to each other sitting at home else we rarely call up friends family and chit chat but this lockdown brought us near. The bad part in whole lockdown were the watsapp rumours and to see news channels which instead of making people positive had threatened them more.*

## IT IS AN UNPRECEDENTED EXPERIENCE



Nirav Navin Maisheri (Bandiya)

*It is an unprecedented experience for all Indians during this lockdown period due to the Covid-19 pandemic. Almost everyone is going through a rough phase and finding it challenging to deal with the change in lifestyle, but its given some positive tunes to our boring lifestyle, I learn to cook some easy recipe, Spending Quality time with family during lockdown - you won't belive we all Cousin playing creative housiee on Daliy basis in lockdown & elders of the family also become used to online webinar's.*

## WE CAME TO KNOW THE REAL VALUE OF TIME, MONEY



Satish Hansraj Nagda (Parjau)

*During lock down i had following good experience*

*We always use to command wife right from mrng as soon as wake up is water ready for bathing, where is towel , then while going to office where is vehicle key, water bottle , helmet etc during lock i learnt that in mist of heavy work load she takes care about all this*

*Like wise i live in joint fmly during lock down i came to understand that how much ladies have work at home we just come from office & shout at her*

*Regarding bad experience it was hard enough to get time pass sitting idle since derasar was also closed no seva pooja too*

*Like wise we came to know the real value of time, money etc.*

# કેડીઓ જ્ઞાતિજનો કોરોના વોરિયર્સ તરીકે સન્માનિત થયા







(૧) મૂળ સુથરી-હાલે ઘાટકોપરના અનિલા પ્રદીપ શાહ નાગડા સામાજિક અને રાજકીય ક્ષેત્રે અગ્રણી છે અને વોર્ડ ક્રમાંક ૧૩૦ ના બુથ પ્રમુખ છે. કોરોના સમયકાળમાં વિવિધ રીતે સેવા કરવા બદલ મરાઠા પ્રતિષ્ઠાત (રજિ.) દ્વારા તેમને સન્માનપત્ર આપી પ્રશસ્તિ કરાયા છે.

(૨) શ્રી મયુર લોડાયાને ભારતીય જનતા પાર્ટીના એમએલએ પરાગ શાહે સર્ટિફીકેટ આપી કોરોના વોરીયર ઓફ ઘાટકોપર તરીકે સન્માનિત કરેલ છે.




(૩) અખિલ ભારતીય વિકાસ પરિષદ વિદર્ભ પ્રદેશ સમિતિ તરફથી ડૉ.પૂર્વી ધરમશીને કોરોના વોરીયર સર્ટિફીકેટ આપી સન્માનિત કરાયેલ છે.

## જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | ● જન્મ ● | | |
| ૧૧-૬-૨૦૨૦ | અમેરિકા | શ્લોકા ભૂમિકા ગુંજન શિઆલ | જખૌ | પુત્ર |
| | | ● આંતરજ્ઞાતિ સગપણ ● | | |
| ૨૩-૬-૨૦૨૦ | મહિસાણા | દીપ મહેશ પટેલ | લાડોલ | - |
| | અંકલેશ્વર | કિંજલ ભરત મોમાય | વરાડીયા | - |
| ૨૫-૬-૨૦૨૦ | ધુળે | સુશ્રુત અભય જોશી | શિર્ડી | |
| | ધુલીયા | અક્ષતા પંકજ મોમાયા | સાંયરા | |
| | | ● મરણ ● | | |
| ૨૮-૬-૨૦૨૦ | ખરાડી | ભારતી દિલીપ નાગડા | રંગપૂર | ૫૨ |
| ૨૮-૬-૨૦૨૦ | વિરાર (પ.) | ભાગ્યવંતી લક્ષ્મીચંદ નાગડા | ખાવડા મોટી | ૭૯ |
| ૨૮-૬-૨૦૨૦ | સેન્ડર્સ રોડ | રજની હંસરાજ ડાઘા | વરાડીયા | ૬૫ |
| ૨૯-૬-૨૦૨૦ | મુલુંડ (પ.) | સોમચંદ નરશી દંડ | લાલા | ૮૨ |
| ૦૧-૭-૨૦૨૦ | ડોંબિવલી (પ.) | ખીમજી પ્રેમજી મૈશેરી | જખૌ | ૬૮ |
| ૦૧-૭-૨૦૨૦ | વિઠ્ઠલવાડી | દેવાંગ મનીષ લોડાયા | બાયઠ | ૨૧ |
| ૦૪-૭-૨૦૨૦ | ડોંબિવલી (પૂ) | માકબાઈ રાયચંદ ડાઘા | દલતુંગી | ૯૦ |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO